ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૩ ટકા

# ગાંધીનગરમાં યમરાજાના ધામા : ૩૧ મૃતકોના અગ્નિ સંસ્કાર

## મુકિતધામ અને રૂદ્રભૂમિ ખાતે અંતિમક્રિયા કરાયેલા મૃતકો પૈકી ૧૩ કોરોનાના દર્દીઓ : કુલ મૃતકોમાં શહેરી વિસ્તારના ૧૬ મૃતકો : સેકટર-૭માં પાંચ મૃત્યુ નોંધાયા

ગાંધીનગર, તા.૫

કોરોના સંક્રમણ જે રીતે વધી રહ્યું છે તેને કારણે ફરી એકવાર શહેરમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. કોરોનાની બીજી લહેરમાં શરૂઆતમાં મૃત્યુદર ઓછો હતો પરંતુ હવે તેમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે. કોરોના કાળની અત્યાર સુધીની સૌથી વિષમ પરિસ્થિતિ અનુભવાઈ રહી છે. જે આજે શહેરમાં બને સ્મશાનગૃહોના આંકડા પરથી સ્પષ્ટ ફલિત થાય છે. આજે શહેરમાં સે-૩૦ મુકિતધામ અને સરગાસણ ખાતેના રૂદ્રભૂમિ ખાતે મળીને કુલ ૩૧ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા જૈ પૈકી ૧૩ મૃતકો કોવિડ-૧૯ના દર્દીઓ હતા અને સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે શહેરના સેકટર-૭ના કુલ પાંચ મૃતકોને આજે અગ્નિદાહ આપવામાં આવ્યા હતા.

શહેરમાં કોરોના વાયરસની બીજી લહેર ખૂબ જ તેજીથી પ્રસરી વળી છે અને શહેરના સેકટરોમાં ચોકઠે ચોકઠે તેમજ સોસાયટીઓમાં કોરોના પોઝિટીવ કેસોના દર્દીઓ જોવા મળી રહ્યા છે. શહેરની હોસ્પિટલો તો હાઉસફુલ છે તેની સામે હોમ આઈસોલેશનની સંખ્યા પણ બમણી હોવાનો અંદાજ છે. શહેરમાં કોરોનાથી મૃતકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે અને આજે અત્યાર સુધીના કોરોના કાળમાં સૌથી વધુ મૃતકો નોંધાયા છે. જેમાં કુલ ૩૧ મૃતકોને અગ્નિ સંસ્કાર અપાયા છે જે પૈકી ૧૩ મૃતકો કોરોનાના દર્દીઓ હતા જયારે ૧૮ મૃતકો અન્ય કારણોસર મૃત્યુ પામેલા હતા. કુલ ૩૧ મૃતક પૈકી મહાનગર પાલિકાના શહેરી વિસ્તારના ૧૬ મૃતકો છે અને આસપાસના ગ્રામીણ વિસ્તારો જેનો હવે મનપામાં સમાવેશ કરાયો છે તે સહિતના વિસ્તારના ૧૫ મૃતકોની અંતિમક્રિયા કરાઈ હતી. આશ્ચર્ય સાથે આજે શહેરમાં કુલ મૃત્યુ પામેલા વ્યકિતઓ પૈકી પાંચ દિવંગતોતો માત્ર સેકટર-૭ના રહીશો હતા જે એક જ સેકટર કે વિસ્તારના એક જ દિવસના મૃતકોની સંખ્યામાં કદાચ સૌથી વધુ હશે. કોરોના વાયરસ સંક્રમણનું ચિત્ર હવે દિન પ્રતિદિન બિહામણું થઈ રહ્યું છે અને આ મહામારીનો અંત કયારે આવશે તે અંગે અત્યારે માત્ર અટકળો સિવાય કશું જ નકકર તથ્ય જણાતું નથી ત્યારે મનપાની આગામી ચુંટણીઓના માહોલને અનુલક્ષીને નાગરિકોએ પોતે જાતે જ પોતાની સલામતીની દરકાર કરવા સિવાય બીજો કોઈ આરો નથી.

# શહેરમાં માસ્ક વિના ફરતા વાહનચાલકો સામે પોલીસની દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં કોરોનાની બીજી લ્હેરમાં હાહાકાર મચાવ્યો છે. શહેરમાં કોરોના પોઝીટીવ દર્દીઓના આંકડા શેરબજારની જેમ વધી રહ્યા છે. ત્યારે કોરોના મહામારીને ફરીવાર કાબુમાં કરવા માટે પોલીસ મેદાને આવી છે. ગાંધીનગર શહેરના તમામ નાકા પોઈન્ટ પર સવાર-સાંજ વાહન ચેકીંગ અને માસ્ક વિના ફરતા શખ્સોને માસ્કની પાવતી




આપી વધુ અસરકારક કામગીરી કરવા સુચના મળી છે. જેને પગલે સવારથી જ શહેરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જયારે માસ્ક વિનાના વાહન ચાલકો સામે પોલીસે દંડનીય કાર્યવાહી કરી હતી.

સમગ્ર રાજયભરમાં કોરોના કોહરામ મચાવી રહ્યો છે. ત્યારે પાટનગરને પણ અજગરી ભરડો લઈ રહ્યું છે. સતત પાટનગરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે જેને પગલે તંત્ર પણ ચિંતામાં ગરકાવ થયુ છે. ત્યારે ફરીવાર કોરોનાને કાબુમાં કરવા માટે પોલીસ તંત્ર મેદાને આવ્યું છે. હવે પાટનગરમાં માસ્ક વિના ફરતા વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરાશે. સોશ્યલ ડિસ્ટન્સ કે કોવીડના જાહેરનામાનો ભંગ કરશે તેની સામે પણ તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવશે. જેને પગલે શહેરના શાહપુર સર્કલ, ચ-૦, જ-૦, ઘ-૦, સરગાસણ, સેકટર-૩૦, ઘ-૭, ચિલોડા સર્કલ, પેથાપુર ચોકડી, વૈષણોદેવી સર્કલ સહિત શહેના મુખ્યમાર્ગ પરના સર્કલ પર પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. પોલીસ તંત્ર સવારે ૯ થી ૧૨.૩૦ અને સાંજે ૫ થી ૮ દરમિયાન નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ અને માસ્ક વિના ફરતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરશે. આજે સવારે શાહપુર સર્કલ પાસે આ કામગીરી ચાલી રહી હતી તે દરમિયન ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. એક કિલોમીટર સુધી ટ્રાફિક જામ થતા અન્ય ટ્રાફિક પોલીસ જવાનોની મદદ લેવી પડી હતી.

# આગંણવાડી કાર્યકરની મહેનતથી બે બાળકોને આરોગ્યલક્ષી સારવાર પ્રાપ્ત થઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના રાંધેજા ગામની બે બાળકીઓને દિકરીને જન્મથી બે આંગળીઓ ચોંટેલી હોવાની સમસ્યાથી છુટકારો મળવા પામ્યો છે.



આંગણવાડી કાર્યકર સવિતાબેન પટેલની જવાબદારીભરી જહેમતને કારણે બિમારીઓમાં સરકારી આરોગ્યલક્ષી યોજનાઓ અંતર્ગત ઓપરેશન કરાવવામાં સહાયતા મળવા પામી હતી જેને પગલે બંને બાળકોનું ઓપરેશન સંપન્ન થયું છે. આ બે બાળકીઓ પૈકી સવા વર્ષના એક બાળકને કિડનીની નળી બ્લોક હોવાની ગંભીર તકલીફમાંથી રાહત મળી છે તો બીજી સાડાચાર વર્ષની

રાંધેજા ગામના બે બાળકો જેમાં એક બાળકીની ઉંમર સાડાચાર વર્ષની છે જેને જન્મથી બન્ને હાથની આંગળીઓ ભેગી હોવાને કારણે રોજિંદા કાર્ય કરવામાં મુશ્કેલી પડતી હતી. આંગણવાડી કાર્યકરની ભારે જહેમત બાદ તેમાં આરોગ્યલક્ષી યોજનાઓ પૈકી સંદર્ભકાર્ડ કઢાવી આપી બાળકીનું અમદાવાદ સિવિલ ખાતે ઓપરેશન કરાવી નવુ જીવન આપવાનો પ્રયત્ન કરાયો હતો જે સફળ પણ રહ્યુ છે.

બીજા બાળકની ઉંમર સવા વર્ષની છે જેને જન્મથી કિડનીની નળી બ્લોક હોવાને કારણે સરકારશ્રી તરફથી ચાલતી માં-કાર્ડ યોજના અંતર્ગત બાળકને ગાંધીનગર ખાતે પગરવ હોસ્પિટલમાં ઓપરેશન કરાવી મદદ કરેલ છે અને તે બાળકને પણ નવું જીવનદાન મળવા પામ્યું છે.

આ બંને બાળકોને યોજનાકીય સુવિધા અપાવવા માટે કાર્યકર સવિતાબેન દ્વારા મહેનત કરવામાં આવી હતી. જેમાં આધારકાર્ડથી માંડી અલગ-અલગ સરકારી વિભાગો સાથે સંકલન સાંધી તેને મદદ કરી કુટુંબને પણ સહારો આપેલ છે તેમજ પોતાની કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને જવાબદારીને સાબિત કરેલ છે. કાર્યકર સવિતાબેન દિનેશભાઈ પટેલની પ્રશંસનીય કામગીરીને ચાઈલ્ડ લાઈન ટીમ દ્વારા બિરદાવવામાં આવી છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પટેલ ઈશ્વરભાઈ શંકરભાઈ ઉ.વ. ૭૮, સરગાસણ
- સ્વ. જાદવ ઢબુબેન વજાજી ઉ.વ. ૭૪, જેઠીપુરા
- સ્વ. વ્યાસ પ્રફુલાબેન સુનિલકુમાર ઉ.વ. ૪૪, છાલા
- સ્વ. મકવાણા કમળાબેન બળદેવજી ઉ.વ. ૬૦, પેથાપુર
- સ્વ. ઠાકોર ચેતનકુમાર કનુભાઈ ઉ.વ. ૪૫, શિહોલી મોટી
- સ્વ. વાઘેલા ભિખુજી નાથુજી ઉ.વ. ૫૨, લેકાવાડા
- સ્વ. રામી કાંતિલાલ સોમનાથ ઉ.વ. ૮૮, સેકટર-૭-બી
- સ્વ. ચૌધરી માવજીભાઈ કાનાભાઈ ઉ.વ. ૫૫, ઈન્દ્રપુરા, માણસા
- સ્વ. પટેલ મંગુબેન વિષ્ણુભાઈ ઉ.વ. ૯૨, સેકટર-૨૬
- સ્વ. પટેલ અંબાબેન રામાભાઈ ઉ.વ. ૯૪, સેકટર-૨
- સ્વ. ઠાકોર ગોરધનજી ફકીરજી ઉ.વ. ૫૫, મોટા ચિલોડા
- સ્વ. ઠાકોર લીલાબેન અમાજી ઉ.વ. ૬૭, શિહોલી મોટી
- સ્વ. શુકલ તરૂલતા જગદીશભાઈ ઉ.વ. ૮૪, સેકટર-૭-બી
- સ્વ. સોલંકી કમુબેન ખુમાજી ઉ.વ. ૫૧, ખરખડીયા, દહેગામ
- સ્વ. પરમાર જીવણલાલ નાથુરામ ઉ.વ. ૭૫, સેકટર-૭-બી
- સ્વ. પટેલ પશીબેન નરસિંહભાઈ ઉ.વ. ૭૯, રાંદેસણ
- સ્વ. રબારી ગંગાબેન ભુરાભાઈ ઉ.વ. ૫૪, ફતેપુરા, સેકટર-૧૫
- સ્વ. દેસાઈ ગંગાબેન રાયમલભાઈ ઉ.વ. ૭૮, શાહપુર, અમદાવાદ
- સ્વ. દેસાઈ ઈશ્વરભાઈ સરતાનભાઈ ઉ.વ. ૬૫, પેથાપુર
- સ્વ. વાઘેલા પથુજી બળદેવજી ઉ.વ. ૭૩, સેકટર-૭-બી

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પ્રજાપતિ વિઠ્ઠલભાઈ કાળાભાઈ ઉ.વ. ૫૦, સિહોરા, કપડવંજ
- સ્વ. પરમાર નર્મદાબેન પુરસોત્તમભાઈ ઉ.વ. ૬૩, સેકટર-૨
- સ્વ. પટેલ ઉષાબેન કનૈયાલાલ ઉ.વ. ૫૮, કઠવાડા, અમદાવાદ
- સ્વ. વાઘરી શારદાબેન ચંદુભાઈ ઉ.વ. ૫૧, માણેકપુર, માણસા
- સ્વ. પટેલ રમેશભાઈ અંબાલાલ ઉ.વ. ૬૩, માણેકપુર, માણસા
- સ્વ. ચાવડા શોભાબા કેશુજી ઉ.વ. ૭૧, સેકટર-૫
- સ્વ. પટેલ રામાભાઈ રણછોડદાસ ઉ.વ. ૬૮, ઈટાદરા, માણસા
- સ્વ. મેવાડા હંસાબેન વિજયકુમાર ઉ.વ. ૭૨, સેકટર-૭
- સ્વ. પટેલ સવિતાબેન શૈલેષભાઈ ઉ.વ. ૪૮, લવારપુર
- સ્વ. રાઘુ રઘુનંદરામ સુરજુરામ ઉ.વ. ૭૬, કુડાસણ
- સ્વ. ત્રિવેદી જયંતિલાલ ભીખાલાલ ઉ.વ. ૮૪, કુડાસણ

# ગુજરાત બોડી બિલ્ડીંગ ચેમ્પિયશીપમાં શહેરના જવાને ગોલ્ડ મેડલ મેળવ્યો

## ગુજરાત પાવર લિફટીંગમાં સિલ્વર મેડલ મેળવતા પોલીસબેડામાં આનંદ

ગાંધીનગર, તા.૫

તાજેતરમાં સુરત શહેરમાં મીસ્ટર પોલીસ ગુજરાત પાવર લીફટીંગ એન્ડ બોડી બિલ્ડીંગ ચેમ્પિયન શીપ-૨૦૨૧ નું આયોજન સુરત શહેર પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજયમાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતા જવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યારે મીસ્ટર પોલીસ ગુજરાત પાવર લીફટીંગમાં સિલ્વર અને બોડી બિલ્ડીંગ વિભાગમાં ૭૦ થી ૭૫ કિલોની કેટેગરીમાં ગાંધીનગર ના પોલીસ જવાને ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. સમગ્ર ગુજરાતમાં ગાંધીનગરનું નામ રોશન કરતા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ પણ ટ્રોફી અને પ્રમાણપત્ર આપી જવાનને સન્માનિત કરવામાં આવ્યો હતો.






ગાંધીનગર શહેરના સેકટર-૩ સી પ્લોટ નં. ૬૮૧-૨ ખાતે રહેતા જીગ્નેશ કિરીટભાઈ મોદી (ઉં.૪૦, બ નં.-૫૯) છેલ્લા ૨૦ વર્ષથી પોલીસ બેડામાં ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. જયારે હાલ જીગ્નેશ મોદી કેટલાક સમયથી ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે કાર્યરત છે. ત્યારે આ પોલીસ જવાને તાજેતરમાં સુરત શહેર ખાતે સ્ટેટ બોડી બિલ્ડીંગ એસોસિએશન ગુજરાત, સ્પોર્ટ એસોસિએશન ઓફ ગુજરાત, અને સુરત શહેર પોલીસ દ્વારા આયોજીત પાવર લિફટીંગ એન્ડ બોડી બિલ્ડીંગ ચેમ્પિયનશીપ-૨૦૨૧નું બે દિવસીય આયોજન કરાયું હતું. જેમાં રાજયભરમાંથી પોલીસ જવાનોએ મોટીસંખ્યામાં ભાગ લીધો હતો. પાવર લિફટીંગમાં સિલ્વર અને બોડી બિલ્ડીંગમાં ગોલ્ડ મેડલ ગાંધીનગરના જવાન જીગ્નેશ મોદીએ મેળવ્યો હતો. વિજેતા પોલીસ જવાના જીગ્નેશ મોદીને ચેમ્પિયન શીપના મુખ્ય મહેમાન પદ્મશ્રી પ્રેમચંદ દેગરા (મીસ્ટર યુનિવર્સ) અને સુરત શહેર પોલીસ કમિશનર અજય તોમરના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. શહેરના પોલીસ જવાને ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવતા ગાંધીનગર જિલ્લા પોલીસ બેડામાં આનંદ છવાયો હતો. આ સિધ્ધી મેળવવા બદલ જીગ્નેશ મોદીને અધિકારીગણ, સાથી કર્મચારીઓ, અને પરિવારસના સભ્યો સહિત સ્નેહીજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ગાંધીનગરમાં 'મેથી મારવાની કળા' અને 'સ્મિત અને સ્પંદન' નામના બે પુસ્તકનું વિમોચન શિક્ષણ મંત્રીશ્રીના હસ્તે કરાયું





ગાંધીનગર, તા.૫

રાજય સરકારમાં ઈજનેર તરીકે ફરજ બજાવતા અને ગાંધીનગરના યુવા લેખક શ્રી નિપુણ ચોકસીના વ્યંગ, કટાક્ષ અને હાસ્ય લેખોના રસથાળ રૂપ 'મેથી મારવાની કળા' અને હાસ્ય રચનાઓ અને અન્ય કવિતાઓથી ભરપૂર 'સ્મિત અને સ્પંદન' નામના બે પુસ્તકનું વિમોચન શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યું છે.

કવિતા લખવી છે, તો ન લખી શકાય પણ જે વ્યક્તિમાં પ્રેમ, સંવેદના, લાગણી અને ઉમંગો હોય તેવો વ્યક્તિ જ ઉત્તમ સર્જક બની કવિતાનું સર્જન કરી શકે છે, તેવું કહી શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સરકારમાં ઈજનેર કાર્યને ન્યાય આપતા નિપુણ ચોકસીએ સતત પોતાના કપચી, સિમેન્ટ, સ્ટીલ અને નકશાઓ વચ્ચે રહી પોતામાં રહેલ સર્જકને જીવંત રાખ્યો છે તેનું ઉત્તમ દષ્ટાંત આ બન્ને પુસ્તકો છે. આ ઉત્તમ સર્જન કરવા બદલે તેમણે તેમને અભિનંદન પણ પાઠવ્યા હતા.

હાસ્ય રસ – કાવ્યરસને વાયરસની સામે વેક્સિનની જેમ ઉભા રાખવા પડશે, તેવું કહી જાણીતા ચિંતક, વિચારક, કવિ અને વક્તા શ્રી ભાગ્યેશ જહાએ જણાવ્યું હતું કે, હાસ્ય લેખક થવા માટે નીડરતા, નિર્દોષતા અને બે પત્ની હોવી જરૂરી છે (કાલ્પનિક પત્ની). સાહિત્યમાં ગજબની તાકાત છે. તે માણસના વિચાર અને આચરણમાં ફરક લાવી દે છે. સાહિત્ય વાંચતા વાંચતા તમારા માનસપટમાં ચિત્ર ઉભું થતું જાય છે, જે વાત જ સાહિત્ય વાંચન માટે તમારો રસ જાગૃત કરે છે. કવિતા હમેંશા મેસેજ આપતી હોય છે. પરંતુ સોશ્યિલ મીડિયામાં આજકાલ આવતી કવિતાઓ પર તેમણે તેમની ચિતા વ્યક્ત કરી હતી.

મોબાઈલ રિચાર્જ કરવાનું આજના સમયમાં ભુલાતું નથી, પણ મનને રિચાર્જ કરવા માટે વાંચન કરવાનું ભૂલી જઈએ છીએ, તેવું કહી ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ શ્રી પુલકભાઈ ત્રિવેદીએ હાસ્યસર્જન માટે સર્જક પાસે સંવેદનશીલતા, સર્જકતા, નિરીક્ષણ, જીવનનો ઘટ્ટ અનુભવ અને ઈશ્વરીય બક્ષિસ હોવી જોઈએ. તેવું મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું હાસ્ય અને સરપ્રદ વાતો સાથે તેમણે સંચાલન કર્યું હતું.

કાર્યક્રમના અંતે જાણીતા લેખક અને સાહિત્યકાર શ્રી કિશોર જિકાદરાએ આભારવિધી કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર, કવિઓ, લેખકો અને સાહિત્ય રસિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# અબોલ પક્ષીઓની તરસ છીપાવવાનો સેવાકીય 'પ્રયાસ'

ગાંધીનગર, તા.૫

જેમ જેમ ગ્રીષ્મ ઋતુનો તડકો આકરો થતો જાય છે તેમ તેમ અબોલ પંખીઓ માટે પીવાના પાણીની સમસ્યા સર્જાતી જાય છે કેમ કે ખુલ્લામાં ભરાતાં નાના-મોટાં ખાબોચિયાં સુધ્ધાં સુકાઈ ગયા હોય છે જો કે ગાંધીનગર શહેર પ્રકૃતિ પ્રત્યે ભારે સંવેદના ધરાવતા નાગરિકોનું શહેર છે જેમાં વિવિધ સેવાભાવી વ્યકિતઓ અને સંસ્થાઓ દ્વારા માટીના કુંડાની પક્ષી પરબોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે જેથી પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા થઈ શકે આવી જ અનુકંપા ધરાવતી શહેરની સેવાભાવી સંસ્થા પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સરગાસણ-ટીપી ૯ વિસ્તારમાં ૨૦૦ નંગ પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ હાથ ધરવામાં આવ્યું છે. સૌની દિવાલ આગળ હાથ ધરવામાં




આવેલી આ સેવાકીય પ્રવૃત્તિ કુંડાનો સ્ટોક હશે ત્યાં સુધી ચાલુ રહેશે તેવું જણાવતા સંસ્થાએ આ સેવાકાર્ય માટે સહાયરૂપ થનારા દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

## જન્મદિને વધામણી


રમાબેન બી. ઠાકર
ફોન : ૨૩૨૪૧૦૧૬
મો. ૯૦૩૩૫ ૭૧૯૦૫


કમલેશ એસ. બેન્કર


ધૃવિલ કે. થારેશા
મો. ૮૭૩૫૮ ૮૩૯૧૨


પ્રિયાંશી એ. પટેલ


તુલસી હાર્દિકકુમાર ભટ્ટ
મો. ૯૫૩૭૪ ૮૦૪૪૪


બિહોલા મિતેષસિંહ ભરતસિંહ
મો. ૯૧૭૩૭ ૩૪૫૫૫


ઈશાની પંકજકુમાર મેસરવાલા

## શ્રીમતી આર.એન. પટેલ પ્રા. શાળા ખાતે ઓનલાઈન કવિઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૩

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી શાળાના ધોરણઃ૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન કવિઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ટીમ - ૮એ, ૮બી, ૮સી, ૮ડી દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં વિકલ્પોવાળા પ્રશ્નો, ફોટા પરથી વ્યકિતની ઓળખ, ફોટા પરથી સ્મારકની ઓળખ વગેરે પદ્ધતિથી પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેમાં ટીમ-૮સીની વિદ્યાર્થીનીઓ ઉર્વી રાજગોર, મેશ્વા પટેલ, સેમી પટેલ વિજેતા બની હતી. આ સ્પર્ધાનું સંચાલન આશિષભાઈ તથા બી.એડ.ના વિમલબેન, જયોતિબેન, કૃપાબેન અને સેજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.